ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન
(GSEM) ની રચના કરવા બાબત.

# ગુજરાત સરકાર

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક:DST/CRM/e-file/24/2022/0016/IT Cadre
તા.૨૯.૧૦.૨૦૨૨

<u>વંચાણે લીધા:-</u> વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૮.૦૪.૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: DST/New Item/ 102021/163/ITC.

<u>આમુખ:-</u>

રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગો (ESDM) માટે વૈશ્વિક સ્તરનું ઇનફ્રાસ્ટ્રક્ચર, અનુકૂળ નીતિ તથા ઈકો સિસ્ટમ ઊભી કરીને ગુજરાતને ESDM ઉદ્યોગો માટે પસંદગીના સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા માટે, કુશળ માનવબળના અસરકારક ઉપયોગ નવીનીકરણ અને ઉભરતી ટેક્નોલોજી દ્વારા સર્વાંગી ટકાઉ ઇકો સિસ્ટમ તરફ આગળ વધી રાજ્ય અને રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના સર્વાંગી વિકાસમાં ફાળો આપવા માટે વંચાણે લીધેલ ક્રમાંક-૧ થી આ વિભાગ હેઠળ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM)ની સ્થાપના અંગેની વર્ષ ૨૦૨૨-૨૩ની નવી બાબતને સૈદ્ધાંતિક તેમજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. તે ધ્યાને લઈ નિયત થયેલ અને હવે પછી નિયત કરવામાં આવે તે મુજબની કામગીરીનું સંકલન અને મોનીટરીંગ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશને (GSEM) કરવાનું રહે છે. તેથી આ કામગીરીને પહોંચી વળવા એક સ્વાયત્ત સંસ્થાની રચના કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. તેને અનુલક્ષીને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

<u>ઠરાવ:</u>

આથી પુખ્ત વિચારણાને અંતે આમુખમાં જણાવ્યા અનુસારની કામગીરી માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ તા.૨૮.૦૪.૨૦૨૨ થી મળેલ મંજૂરી અન્વયે "ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM)" ને સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ નોંધણી કરવા ઠરાવવામાં આવે છે.

(૧) હેતુઓ:-

(૧.૧) રાજ્યના આર્થિક વિકાસ માટે અને ઈલેક્ટ્રોનિક્સ અને સેમીકંડક્ટર ઉદ્યોગોની વૃદ્ધી અર્થે થતાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું.

(૧.૨) રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને સેમીકંડક્ટર ઉદ્યોગો થકી રોજગારીની તકો ઉભી કરવી.

(૧.3) ઈલેક્ટ્રોનિક્સ અને સેમીકંડક્ટર ક્ષેત્રે વૈશ્વિક રોકાણકારો માટે ગુજરાતને પસંદગીનું સ્થળ બનાવવું.

(૧.૪) સ્થાનિક ઉદ્યોગસાહસિકોને ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકંડક્ટર ક્ષેત્રે ઉત્પાદન, વેપાર તેમજ સેવા આધારિત ધંધા, રોજગાર તેમજ ઉદ્યોગો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા.

(૧.૫) ગુજરાતમાં વૈશ્વિક સ્તરના સ્પર્ધાત્મક ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકંડક્ટર ઉદ્યોગ સ્થપાય તે માટે MoU, કરાર, PPP મોડલ તેમજ અન્ય રીતે સહયોગ કે ભાગીદારી કરવી અથવા કરાવવી.

(૧.૬) રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર(ઈએમસી) ની ઓળખ, વિકાસ, સુવિધા, સંકલન, સ્થાપના અને દેખરેખના કાર્યો કરવા.

(૧.૭) રાજ્યમાં નવા ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકંડક્ટર ઉદ્યોગોની સ્થાપના માટે અને વૈશ્વિક રોકાણકારો આકર્ષવા માટે પ્રોત્સાહન નીતિઓ બનાવી તેનો અમલ કરવો.

(૧.૮) નાણાકીય અને અન્ય સહાય દ્વારા સુવિધામાં વધારો કરી રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકંડક્ટર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.

(૧.૯) રાજ્યમાં ઉદ્યોગો અને શિક્ષણ સંસ્થાઓના સક્રિય સહયોગ/ભાગીદારી દ્વારા ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે કુશળ માનવબળ તૈયાર કરવું તેમજ સંશોધન, સ્ટાર્ટ-અપ કે તકનીકી વિકાસને પ્રોત્સાહન આપવું..

(૧.૧૦) ESDM (Electronics System Design and Manufacturing)ના તમામ ક્ષેત્રોમાં સંશોધન અને નવીનીકરણ આધારીત પ્રવૃતિને પ્રોત્સાહિત કરવી.

(૧.૧૧) ESDM અને સેમિકંડક્ટર ઉત્પાદન સહિતની સેવાઓ માટે  સ્થાનિક ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન આપવું.

(૧.૧૨) વ્યૂહાત્મક પોલીસી અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગમાં ગુજરાતને અગ્રેસર બનાવવું.

(૧.૧૩) ક્ષેત્રીય નિષ્ણાતોની મદદથી આધુનિક સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ડિઝાઈન ક્ષેત્રે નવીનતમ ઈકોસિસ્ટમનું નિર્માણ કરી ગુજરાતને ડિઝાઇન અને ઉત્પાદન માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર બનાવવું.

(૧.૧૪) સરકારી એજન્સીઓ, ઉદ્યોગો અને શિક્ષણવિદો સાથે પરામર્શ દ્વારા સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઇન અને ઉત્પાદન સુવિધાઓ અને ઇકોસિસ્ટમના વિકાસ માટે વ્યાપક લાંબા ગાળાની વ્યૂહરચના ઘડવી અને અમલીકરણ કરાવવું.

(૧.૧૫) ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને ઉત્પાદન ક્ષેત્રે સંશોધન, ઉત્પાદનના વેપારીકરણ અને કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, ઉદ્યોગો અને સંસ્થાઓ સાથે રહી અથવા સ્વતંત્ર રીતે પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, યોજનાઓના આયોજન, અમલીકરણ અને દેખરેખ હાથ ધરવા તેમજ પ્રોત્સાહન, સહાય અને સંકલન માટે કામગીરી કરવી.

(૧.૧૬) ભારત સરકાર, ગુજરાત સરકાર, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવીકે ABD, World Bank, IMF વગેરે તરફથી મળનાર ફંડ દ્વારા સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઇન અને ઉત્પાદનના પ્રોત્સાહન માટે સેમીનાર, વર્કશોપ, મીટીંગ વગેરેનું આયોજન તેમજ પ્રિન્ટ, ઇલેકટ્રોનિક તેમજ અન્ય પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા સોસાયટીના હેતુઓ સિદ્ધ કરવા પ્રયનનો કરવા.

(૧.૧૭) ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર દ્વારા વખતો વખત અમલમાં આવતી સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ESDM અને તેના પેટા ક્ષેત્રો સાથે સંકળાયેલ નીતિ ની અમલવારી કરાવવી.

(૧.૧૮) સરકારી નીતિઓના પ્રમોશન અને તે અન્વયે અન્ય સુવિધાઓ માટે ઓળખ કરેલ ક્લસ્ટરમાં પ્રતિનિધી કચેરીની સ્થાપવી/સ્થાપના માટે સહાય કરવી.

(૧.૧૯) ઉપરોક્ત હેતુઓ સિધ્ધ કરવા માટે અન્ય તમામ અનુસંગીક કામગીરી કરવી, તેમજ ઈલેક્ટ્રોનિક્સ મિશન સંબંધિત રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સોંપવામાં આવે તે તમામ કામગીરી હાથ ધરવી.

(૨) સોસાયટીના પ્રથમ સાત સભ્યો નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર | અધ્યક્ષ |
| ૨ | સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, ગુજરાત સરકાર | ઉપાધ્યક્ષ |
| ૩ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત સરકાર | સભ્ય |
| ૪ | નાયબ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૫ | નિયામકશ્રી, આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૬ | એડવાઈઝર, ગુજકોસ્ટ | સભ્ય |
| ૭ | મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિકસ મિશન | સભ્ય સચિવ |

(૩) સોસાયટીની ગવર્નિંગ બોડી લઘુત્તમ ૭ (સાત) અને મહત્તમ ૨૧ (એકવીસ) સભ્યોની નીચે મુજબની રહેશે.

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, નાણા વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, મેહસૂલ વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૮ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, શિક્ષણ વિભાગ (ઉચ્ચ અને તકનિકી), ગુજરાત સરકાર | સભ્ય |
| ૯ | સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૧૦ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત સરકાર | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૧ | અધિક સચિવશ્રી(આઈ.ટી.)/ સંયુક્ત સચિવશ્રી(આઈ.ટી.)/ નાયબ સચિવશ્રી(આઈ.ટી.), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૧૨ | નિયામકશ્રી, આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સ, ગુજરાત સરકાર | સભ્ય |
| ૧૩ | મેનેજીંગ ડાયરેક્ટર, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ | સભ્ય |
| ૧૪ | એડવાઈઝર, ગુજકોસ્ટ | સભ્ય |
| ૧૫ | સરકારી પ્રતિનિધી-૧ | સભ્ય |
| ૧૬ | સરકારી પ્રતિનિધી-૨ | સભ્ય |
| ૧૭ | સરકારી પ્રતિનિધી-૩ | સભ્ય |
| ૧૮ | સરકારી પ્રતિનિધી-૪ | સભ્ય |
| ૧૯ | મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિકસ મિશન | સભ્ય સચિવ |

(૪) રાજ્ય સરકાર ઉક્ત ગવર્નિંગ બોડીમાં વખતો વખત ફેરફાર કરી શકશે.

(૫) સોસાયટીનું મુખ્ય મથક ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનની કચેરી ખાતે રહેશે.

(૬) સરખા ક્રમાંકની ફાઇલ પર સોસાયટીની રચના માટે GSEM ના MoA અને Rules and Regulations મંજૂર કરવામાં આવેલ છે.

(૭) સોસાયટીની પેટા સમિતિઓ ગવર્નિંગ બોડીની મંજૂરી બાદ રચી શકાશે.

(૮) સોસાયટીની રચના રદ કરવી/ચાલુ રાખવી તે બાબતે સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૯) વર્ષ ૨૦૨૨-૨૩ માટે સોસાયટીના સ્ટાફ અને નાણાની જોગવાઈ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ઠરાવ ક્રમાંક:DST/New Item/102021/163/ITC મુજબની રહેશે.

(૧૦) આ સોસાયટીને ક્રમશ: આત્મનિર્ભર બનાવવા જરૂરી આયોજન કરી સરકારશ્રીના ધ્યાને લાવવાનું રહેશે.

(૧૧) આ સોસાયટીએ દર વર્ષે આવક-ખર્ચના અંદાજો વિભાગ મારફત નાણાંવિભાગ પાસેથી મંજૂર કરાવી, જરૂર જણાયે વધારાના ખર્ચની ગ્રાન્ટ/સહાય લોન માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૨) આ સોસાયટીને મુડી ખર્ચ માટે વિભાગ દ્વારા તેમના જે-તે વર્ષના બજેટમાં જોગવાઇ કરીને ગ્રાન્ટ/સહાય પુરી પાડવામાં આવશે.

(૧૩) સોસાયટીની મેમ્બરશીપ ફી બાબતે જરૂર જણાયે વિભાગના પરામર્શમાં રહી, જોગવાઇ કરવાની રહેશે.

(૧૪) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશનના મેમોરેન્ડમ ઓફ એસોશીયેશન અને રૂલ્સ એન્ડ રેગ્યુલેશનના કોઇ નિયમમાં ભવિષ્યમાં ફેરફાર કરવાનો થાય તો તે માટે નાણાંવિભાગ મારફત સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી લેવાની રહે.

(૧૫) સદર સંસ્થા "નહિ નફો, નહિ નુકશાન" ના ધોરણે ચલાવવાની રહેશે. જેથી, વધારાના(Surplus) ભંડોળની કે તેને પાર્ક કરવાની જરૂરીયાત ઉભી થાય નહીં.

(૧૬) સદર સંસ્થા દ્વારા જે પણ કોઇ મિલકતો ઉભી કરવામાં આવે તે મિલકતો મિશનનુ કાર્ય પુર્ણ થયા બાદ અથવા મિશન રદ કર્યેથી વહીવટી વિભાગે પોતાની હસ્તક કરવાની રહેશે.

(૧૭) આ મિશનના મહેકમમાં દર્શાવેલ કુલ ૧૮ જગ્યાઓ પૈકી પટાવાળાની ૦૪ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા તેમજ અન્ય ૧૪ જગ્યાઓ સરકારશ્રીના જે-તે વિભાગના સંવર્ગ પૈકી પ્રતિનિયુક્તિથી મેળવી ભરવાની રહેશે. મંજુર જગ્યાઓ સામે નવી ભરતી કરવાની રહેશે નહી.

(૧૮) સંસ્થાની નોંધણી થયા બાદ PROOF સિસ્ટમમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ દર વર્ષે આવક-ખર્ચ તેમજ અન્ય વિગતો અદ્યતન કરવાની રહેશે.

(૧૯) સોસાયટીના રજીસ્ટ્રેશન માટે થનાર ખર્ચ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન માટે મંજૂર કરેલ ચાલુ વર્ષની ગ્રાન્ટ માંથી નીચેના સદરેથી મેળવવાનો રહેશે.

માંગણી ક્રમાંક - ૮૯

મુખ્ય સદર – ૨૦૫૨ – સચિવાલય સામાન્ય સેવાઓ

ગૌણ સદર – ૦૯૦ – સચિવાલય

પેટા સદર – ૧૦ – ડીરેક્ટરેટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી એન્ડ ઈ-ગવર્નન્સ

આ હુકમો સરકારશ્રીની તા.૨૧/૧૦/૨૦૨૨ની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન. એચ. ગઢવી)
નાયબ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

<u>નકલ રવાના</u>

- માન. મુખ્યમંત્રીશ્રીનાં અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧,ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીનાં અધિક સચિવશ્રી, બ્લોક-૧ સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ,બ્લોક નં-૪, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રીનું કાર્યાલય, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,નિયામક આઇ.સી.ટી અને ઇ-ગવર્નન્સ કચેરી,કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મિશન ડાયરેક્ટર,ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનીક મિશન, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટ ઓફિસરશ્રી, નિયામક આઇ.સી.ટી અને ઇ-ગવર્નન્સ કચેરી,કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ